આમાંથી મદ્રાસ નિવાસી ભાવિક વૈષ્ણવોએ કેટલાક કીર્તનોના અનુ-વાદની ૧૦૦૦ પ્રતો વિના મૂલ્યથી છપાવી વૈષ્ણવ વૃંદમાં વંટાવવાને ઉત્સુક બની છે જેથી આ પુસ્તકો છપાવવા બન્યુ છે તેવીજ રીતે બીજા પુસ્તકો છપાવવા કોઇ ઉત્સુક બનશે તોજ છપાવીશ. એ સંબંધમાં એથી વધારે હું શું લખું એટલેથીજ વિરમુ છું.

લાંદાસાનુદાસ ઠક્કર રણછોડદાસ લક્ષ્મીદાસના ઘણાઘણા સ્નેહ-પૂર્વક ભગવત્સ્મરણ વાંચશો, કોઇ ગોસ્વામી બાળકોના શ્રીહસ્તમાં એ પુસ્તક [illegible] તો [illegible] ને મારા સાષ્ટાંગ દંડવત પહોંચે.

ઠેકાણું:—શ્રી દ્વારકાધીશનું મંદિર.
મુકામ—ગોકુલ, (જી. મથરા).

પુષ્ટિમાર્ગીય ઉદ્બોધ

હિલગનું કીર્તન રાગ રામકલી.

નયના માન અપમાન સહ્યો ॥
અતિ અકુલાય મિલેરી અરજત યદ્યપિ કોટિ કહ્યો (૧)
જોકી અની પરી સખી જેસી વેહી ટેક રહ્યો ॥
જ્યોં મરકટ મુઠી નહીં છાંડત નલિની સૂહા ગહ્યો (૨)
જેસેં નીર પ્રવાહ સમુદ્રહીં માંજ વહ્યો સો વહ્યો ॥
સૂરદાસ ઈન તેસીય કીની ફિર ઓ તન ન ચહ્યો (૩)

(નયના માન અપમાન સહ્યો) શબ્દાર્થ—એક વ્રજ ભક્ત બીજા વ્રજ ભક્ત પ્રતિ કહે છે કે મારા નેત્રોયેં માન અપમાન સહી લીધું.

ટીકા—હવે માન અપમાન કોણ સહન કરી શકે એ પ્રસંગને વિચારતાં તેના ત્રણ પ્રકાર મને સૂજ્યા છે તે નીચે લખી જણાવું છું.

૧ પ્રથમ પ્રકાર તો અભિમાન જેનો નિવૃત થાય તે માન અપમાન બધું સહન કરી શકે પણ અભિમાન નિવૃત્ત વિનાતો માન અપમાન અશેષ સહન ન થઇ શકે તો અભિમાનની નિવૃત્તિ કેમ થાય? તે વિષે બાલબોધ ગ્રંથના સાતમાં શ્લોકમાં શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે (अहंताममतानाशे सर्वथा निरहंकृतौ॥ स्वरुपस्थो यदा जीव [कृ]तार्थ स निगद्यते (૭) અર્થ—અહંતા મમતાનો નાશ થયે છતે [સ]ર્વ પ્રકારે અહંકારથી રહિત થઈ જ્યારે જીવ સ્વરૂપ જ્ઞાનમાં રહેનારો [થા]ય ત્યારે તે કૃતાર્થ થાય છે તો એ મહાવાક્યને અનુસાર નેત્રોને જ્યારે

ભગવદ્દર્શન થયાં ત્યારથીજ એમનું મમત્વ અન્ય સર્વ વિષયોમાંથી ઉઠી જઇ કેવળ ભગવદ્ દર્શનમાંજ રહ્યું અન્ય મમતાનો નાશ થવાથી તેઓ અભિમાન રહિત બની ગયા તેમજ પ્રભુ સ્વરૂપ જ્ઞાનમાં રહેનારા થયા તેથી કૃતાર્થ પણ થયા કારણ કે નેત્રો એકાદશ ઇંદ્રીયોમાં એક ઇંદ્રીય છે તે ઇંદ્રીયની કૃતાર્થતા કેવળ ભગવદ્ દર્શનથી છે તે એમને પ્રાપ્ત થઇ તેથી કહ્યું જે નયના માન અપમાન સહ્યો વળી અત્રે કોઇને શંકા થાય કે અપમાનનું સહન કરવું તો ઠીકજ છે પણ માનનું સહન કરવું વળી કેવું હોય ? તો જાણવાનું કે જેમ કોઇ અપમાન કરે તો પણ અપ્રસન્ન ન થવું એ અપમાનનું સહેવું છે તેવીજ રીતે કોઇ માન આપે તો રાજી ન થવું ઉલટા ઉદાસીન રહેવું કારણ કે માન આપવા યોગ્ય તો કેવળ પ્રભુજીજ છે જીવ જે નમ્ર શિખ દોષોથી ભરેલો તે વળી માનને લાયક ક્યાંથી હોય ? આવી ભાવના અંતરમાં લાવવી એ માનનું સહેવું છે.

૨ વળી બીજો પ્રકાર જે જાચક હોય તેને પણ માન અપમાન સહન કરવા પડે છે કારણ કે તે સહન કર્યા વિના તેની જાચક વૃત્તિ ચાલી શકતી નથી અટકી પડે છે તે વિષે પંચામૃત ગ્રંથમાં વ્યાસ ભાવાર્થે કહેલ છે કે

(સુખકી વેરી ચાકરી દુઃખકો વેરી ભોગ જાચક વેરી માનકો દેહકો વેરી રોગ)

અર્થ—સુખ તો સ્વતંત્રને છે પરતંત્રને નથી તો ચાકરી એ પરતંત્રપણું છે તેથી ચાકરીને સુખની વેરણ કહી. તે પછી કહ્યું (દુઃખકો વેરી ભોગ) અર્થ જે માણસ દુઃખથી ભરેલો હોય તેની આગળ સુખની કોઇ વાત કરે તે પણ તેને પ્રિય નથી લાગતી તો દુઃખ નિવૃત્તિ સિવાય કોઈ પણ પ્રકારનો ભોગ તે ભોગવી શકતો નથી તેથી દુઃખનો વૈરી ભોગ કહ્યો છે. તે પછી કહ્યું (જાચક વેરી માનકો) અર્થ જાચક

હોય તે માન કરવા જાય તો તેની જાચક વૃત્તિ ન ચાલે. બંધ પડી જાય તેથી માનનો વેરી જાચક કહ્યો છે. તે પછી કહ્યું જે (દેહકો વેરી રોગ) દેહ ચાહે તેવી સરસ સુરંગી હોય પણ તેમાં જો રોગાદિક પ્રતિબંધ થયો તો કોડી કામની નહીં તેથી રોગને દેહનો વેરી કહ્યો.

તો આ વાક્યને આધારે નેત્રો ભગવદ્ દર્શનની યાચનાવાળા છે તેથી તેઓ માન અપમાન સહન કરવાને યોગ્યજ છે. માન અપમાન સહન કરવાને યોગ્યતા પ્રાપ્ત થયા વિના માનઅપમાન સહન નથી થઇ શકતા.

૩. વળી ત્રીજો પ્રકાર માન અપમાન કોનાથી સહન થાય કે કોઇ પણ કાર્યમાં આસક્તિ થઇ જાય તો આસક્તિવાળા કાર્યને માટે માન અપમાન બધું સહન કરી લીયે છે પણ આસક્તિવાળા કાર્યને તે નથી છોડતો. તે વિષે સૂર પચીશીમાં સૂરદાસજીએ કહેલ છે કે (લોક વેદ બરજે સબેરે નયનન દેખે ત્રાસ ચોર ન જિય ચોરી તજેરે સ ઉર સહિત વિનાશ) અર્થ ચોર હોય તેની ચોરી કરવામાં આસક્તિ હોય છે પણ એ કાર્ય ખોટું છે તેથી લૌકિકજનો પણ એ કાર્યને નિંદે છે તેમજ વેદાદિક શાસ્ત્રો પણ એ કાર્યને નિંદે છે વળી ચોર ચોરી કરવામાં અનેક પ્રકારના ત્રાસ પોતાના નજરે જુએ છે છતાં ચોરી એવા ખોટા કાર્યમાં તેની આસક્તિ હોવાથી તેને તે નથી છોડતો તે એટલે સુધી કે પોતાના દેહનો વિનાશ થવા સુધીનું કષ્ટ સહી લે છે પણ આસક્તિવાળા ખોટા કાર્ય ચોરીને નથી છોડતો તો આ વ્રજભક્તના નેત્રો તો ભગવદ્ દર્શનની ઉત્તમોત્તમ આસક્તિ વાળા છે તો એના માટે કોટાન કોટિ પ્રકારનું માન અપમાન થાય તો પણ તે સહન કરી લીયે પણ ભગવદ્ દર્શન રૂપ સર્વોત્કૃષ્ટ આસક્તિને કેમ છોડે નજ છોડે તો નેત્રોની ભગવદ્ દર્શનમાં

સંપૂર્ણ આસક્તિ થઈ ગઇ છે તેથી એ પ્રકારથી પણ એઓ માન અપમાન સહન કરવાને યોગ્ય થયા. આ બધા કારણોથી એ વ્રજભક્તે કહ્યું કે (નયના માનઅપમાન સહ્યો.) તે પછી પ્રથમ ચરણના ઉત્તરાર્ધથી વર્ણન કરે છે કે:—

(અતિ અકુલાય મિલેરી બરજત યદ્યપિ કોટિ કહ્યો (૧) અર્થ—પ્રથમ ચરણના પૂર્વાર્ધમાં વર્ણન કર્યા પ્રમાણે નેત્રોની આસક્તિ ભગવદ્ દર્શનની છે તે દર્શન જ્યાં સુધી તેઓને ન થાય ત્યાં સુધી વિકલ બની જાય. એકદમ અકુલાઇ જાય તે પાછા જ્યારે દર્શન થાય ત્યારેજ એમને સુખ થાય તે વિના સુખ ન થાય. ઉદાસરીયે તો પ્રભુ વિયોગમાં તેઓની આવી દશા જોઈ એ વ્રજભક્ત કહે છે કે હું નેત્રોને વઢી અને કોટાનકોટિ પ્રકારથી સમજાવ્યા. જે આવું હોય છતાં પણ એઓ ન માન્યા. એમને જ્યારે પ્રભુજીના દર્શન થયા ત્યારેજ માત્ર ચેન થયું. તે પછી બીજા ચરણના પૂર્વાર્ધથી વર્ણન કરે છે કે:—

(જાકી બની પરી સખી જૈસી વહી ટેક રહ્યો) અર્થ—એ વ્રજભક્ત કહે છે કે જેની જેવી ટેવ પડી જાય છે તેને અનુસરતી ટેક તેની રહી આવે છે. તે કોઈ પણ પ્રકારે છૂટતી નથી જેમ નેત્રોએ ભગવદ્ દર્શનની ટેક લીધી તેની ટેક એ ને એ રહી આવી પણ છૂટી નહીં તેના વિષે દ્રષ્ટાંત બીજા ચરણના ઉત્તરાર્ધથી વર્ણન કરે છે કે (જ્યોં મરકટ મુઠ્ઠી નહીં છાંડત નલિની સુવા ગહ્યો (૨) અર્થ—ઉપર એજ ચરણના પૂર્વાર્ધમાં વર્ણન કર્યું જે જેની જેવી ટેવ પડી જાય છે તેને અનુસરતી ટેક તેની રહી આવે છે પણ છૂટતી નથી તે કેવી રીતે તે દ્રષ્ટાંત દાસ સમજાવે છે કે મરકટ કેતાં વાંદરાની મુઠ્ઠીમાં કાંઇ પણ સાધન આવે તો તેને તે બિલકુલ મૂકતો નથી

અને સુવા કેતાં પોપટને પકડવા માટે નલિની નામનું યંત્ર નળીનું બનાવવામાં આવે છે તેને જો પોપટ પકડે તો તેમાં ફસાઈ જાય છે પછી તેમાંથી તે છૂટી શકતો નથી તેવી રીતે જેવી જેની ટેવ પડી જાય તેને અનુસરતી ટેક તેની રહી આવે છે. તે કોઇ કાળે છૂટતી નથી તેવી રીતે આ વ્રજભક્ત કહે છે કે મારા નેત્રોએ ભગવદ્ દર્શનની ટેક લીધી તે છેવટ સુધી રહી આવી પણ છૂટી નહીં. વળી એ દ્રષ્ટાંતને વધારે દૃઢ કરવા બીજો દ્રષ્ટાંત ત્રીજા ચરણના પૂર્વાર્ધથી વર્ણવે છે કે (જૈસેં નીર પ્રવાહ સમુદ્રહીં માંજ. વહ્યો સો વહ્યો) અર્થ—જેમ નદીના જળનો પ્રવાહ સમુદ્ર તરફજ વહેવા માંડે છે તે નિરંતર તે તરફજ વહ્યા કરે છે મુદ્દલ અટકતો નથી. તેવીજ રીતે નેત્રોનો પ્રેમનો પ્રવાહ અલૌકિક સાગર એવા પ્રભુજી તરફ ટેક રાખીને વહ્યો તે વહ્યો હવે કોઇ પણ પ્રકારથી ટળવાનો નથી તે પછી ત્રીજા ચરણના ઉત્તરાર્ધથી સૂરદાસજી એ કીર્તનની સમાપ્તિ કરતાં કહે છે કે (સૂરદાસ ઇન તેસીય કીની ફિર મો તન ન ચહ્યો (૩) સમાપ્તિ કરતાં એ વ્રજભક્તનું કહેવું સૂરદાસજી કહી સંભળાવે છે. એ વ્રજભક્ત કહે છે કે મારા નેત્રો એ મારા અંગના એક અવયવ હોવા છતાં ભગવદ્ દર્શનના ઉત્સુક થયા ત્યારથી મારા અંગને એમણે છોડી દીધું ફરી મારા અંગની ચાહનાજ ન કરી :કારણ કે ચાહ કરવા યોગ્ય સર્વોત્કૃષ્ટ વસ્તુ જે ભગવદ્ દર્શન તે એમને પ્રાપ્ત થયાં પછી તુચ્છ એવું જે મારૂં તન તેની ચાહના શા માટે કરે. ભક્તોનું અંગ તો સર્વોત્કૃષ્ટ છે છતાં અત્રે તુચ્છ કેમ કહ્યું છે એવી શંકા થવાનો સંભવ અત્રે રીયે છે તેના સમાધાનમાં જાણવાનું ભગવદ્ભક્તો દીનતા પક્ષથી ભગવદ્ દર્શનની આગળ પોતાના અંગને તુચ્છ માને છે તે અભિપ્રાયથી તુચ્છ અત્રે કહેલ છે માટે અત્રે શંકા જેવું નથી.

[સંપૂર્ણ.]

હિલગનું કીર્તન-રાગ રામકલી.

સજની મોતે નયન ગયે ॥
અબલોં આસ રહી આવનકી હરિકે અંગ છયે (૧)
જબતેં કમલ વદન ઉન દરસ્યો તબતેં ઓર ભયે ॥
મિલે જાય હરદી ચૂના જ્યોં એકહીં રંગ રહે (૨)
ઓકો તજ ભયે આપ સ્વારથી વે રસ મત્ત ભયે ॥
સૂર શ્યામકે રૂપ સમાને માનો બૂંદ તયે (૩)

(સજની મોતે નયન ગયે) એક વ્રજભક્ત બીજા વ્રજભક્ત પ્રતિ કહે છે કે સજની મારા નેત્રો હવે મારા કામના રહ્યા નહીં મારાથી ગયા તે પછી પ્રથમ ચરણના ઉત્તરાર્ધથી વર્ણવે છે કે (અબલોં આસ રહી આવનકી હરિકે અંગ છયે (૧) અર્થ એ વ્રજભક્ત કહે છે કે હમણા સુધી તો એ નેત્રો જે પ્રભુ તરફ ગયા છે તે પાછા આવશે એવી આશા હતી પણ હવે તે આશા મુદ્દલ ન રહી કારણ કે ત્યાં જઈ હરિના અંગમાં છાઈ ગયા તે કારણથી પાછા આવવાની આશા પણ અશેષ ન રહી. અત્રે એક શંકા ઉદ્ભવે છે કે નાના પદાર્થ સાથે મોહોટો પદાર્થ છાયી જાય પણ હરિનું શ્રી અંગ મોટું તેના સાથે નેત્રો તો નાના છે તે કેમ છાયી ગયા તો તે સંબંધમાં જાણવાનું કે નેત્રો ભલે નાના છે પણ તેમની દ્રષ્ટિ મોટી વિશાલ છે તે શ્રી હરિના અંગ સાથે છાઈ ગઈ તેથી હવે એ નેત્રો પાછા આવવાની આશા અશેષ ન રહી. હવે શ્રી હરિના અંગમાં છાયી જવાથી તેમની કેવી સર્વોત્કૃષ્ટ દશા થઈ તે બીજા ચરણના પૂર્વાર્ધથી વર્ણન કરે છે કે—

(જબતેં કમલ વદન ઉન દરસ્યો તબતેં ઓર ભયે) અર્થ—ભમરનું કમલની સાથે સ્નેહ છે તેથી જ્યારે કમલને જુએ છે ત્યારે

તેનું ચિત્ત કેટલું બધું પ્રસન્ન થાય છે તેનું વર્ણન ન થઈ શકે છતાં તે કમલ અને ભ્રમર બન્ને લૌકિક છે પણ અત્રે વર્ણવેલ કમલ અને ભ્રમર બન્ને મહાન અલૈકિક છે પ્રભુજીના મુખને અત્રે અલૌકિક કમલની ઉપમાં આપી છે.

તો અલૌકિક કમલમાં મકરંદ પણ અલૌકિક સમાયલો છે તેના ભોગી ભ્રમર પણ અલૌકિક જોઇયે તેથી વ્રજભક્તના નેત્રોને અલૌકિક ભ્રમરની ઉપમાં આપી છે. અને ભ્રમરની કમલમાં જે લુબ્ધતા છે તે અતિ અસાધારણ છે તેથી લુબ્ધતાની આધિક્યતા જણાવવાને ખાતરજ અત્રે દ્રષ્ટાંત કમલ ભ્રમરનું દીધેલું છે તેમ કમલમાં સુકોમલતા અતિ હોય તેના કરતાં પણ પ્રભુજીના સર્વાંગ અતિશય કોમલ હોય છે તેથી પ્રભુજીના સર્વે અંગોને કમલની ઉપમાં અપાય છે તેમાંથી અત્રે આપના મુખ કમલનું વર્ણન છે તેને જ્યારે મારા નેત્રોયે જોયું ત્યારથી એ નેત્રો ઓર કેતાં બીજા પ્રકારના થયા એટલે પ્રથમ એમને ભગવદ્ દર્શન નહોતા થયાં ત્યાં સુધી એ નેત્રો મોર પીછના ચાંદલા જેવા હતા પણ ભગવદ્ દર્શન થયા ત્યારથી અહર્નિશ અષ્ટ પ્રહર ભગવદ્ દર્શનની ચાહનાવાળા થયા એ ફળ દશાને પોહોંચ્યા તેથી કૃતાર્થ થયા નેત્રોની કૃતાર્થતા કેવળ ભગવદ્ દર્શનથી છે. અને જેમ જેમ ભગવદ્ દર્શનમાં એમનું મમત્વ વધતું ગયું તેમ તેમ નેત્રોની અલૌકિકતા વધતી ગઇ તેથી એ વ્રજભક્તે કહ્યું જે (દિનદિન ઓર ભયે) એટલે કે (નયનમેં જલકે ગિરિધારી) એવી અવસ્થાને પોહોંચ્યા કારણ કે ભગવદ્ દર્શનની અતિ ઉત્કૃષ્ટ આર્તિ જેને થાય છે તેના નેત્રો નિરંતર પ્રભુમાંજ રહ્યા કરે છે અને દયાળુ પ્રભુ તે ભક્તના નેત્રોમાં નિરંતરને માટે બિરાજી જાય એવી ફળદિશાને તે ભક્ત પોહોંચે છે.

આ બધા કારણોથી નેત્રા (દિનદિન ઓર ભયે) એમ અત્રે
એ વ્રજભક્તે કહેલ છે અને એ નેત્રા ભગવદ દર્શનમાં એવા તો
લીન થઇ ગયા તેનું વર્ણન બીજા ચરણના ઉત્તરાર્ધથી કરે છે કે
(મિલે જાય હરદી ચૂના જ્યોં એકહીં રંગ રહે (૨) અર્થ કોઇપણ
રંગને પાકો કરવો હોય તો તેમાં જરા હલદી અને ચૂનો મેળવેથી
તે રંગ પાકો થઇ જાય છે તેવીજ રીતે આ વ્રજભક્ત કહે છે કે
મારા નેત્રા પ્રભુજીમાં લાગીને તેમના રંગમાં રંગાઇ એક રંગ થઇ
ગયા જેમ હરદી અને ચૂનો મેળવેલ રંગ પાકો થઇ પછી છૂટતે
નથી તેમ એ રંગ મારા નેત્રાને લાગી ગયો તે હવે છૂટવાનો નથી
તે પછી ત્રીજા ચરણના પૂર્વાર્ધથી વર્ણન કરે છે કે (મોકોં તજ
ભયે આપ સ્વાર્થી વે રસ મત્ત ભયે) અર્થ એ વ્રજભક્ત કહે છે
મારા નેત્રા પ્રભુ પાસે જઇ તેમના રંગમાં રંગાઇ એક રંગ થઇ
ગયા એ પરમ ફળદશા તેઓએ પ્રાપ્ત કરી તો એ લાભ મેળવવ
મને સાથે ન તેડી ગયા પોતે એકલા મને તજીને ગયા તેથી નેત્રાને
અત્રે આપસ્વાર્થી કહ્યા છે હવે પ્રભુ પાસે જઇ તેમના રંગમાં રંગાઇ
ગયા એટલુંજ નહીં પણ પ્રભુજીના રસમાં મત્ત બન્યા હવે સર્વે
રસો કરતાં ભગવદ રસ સૈાથી શ્રેષ્ઠ છે અને સર્વે રસોમાં વધુ
ઓછું ઘેન સમાયલું છે તો ભગવદ રસમાં વળી ઘેન સૈા કરતા
અધિક સમાયલો છે તો પ્રભુજીના દર્શનામૃતનું પાન કરી તે રસમાં
નેત્રા મત્ત બન્યા એ ભગવદ રસનો ઘેન એવો છે કે ચઢ્યા પછી
ઉતરતો નથી તે વિષે સાખીમાં એક ભક્ત કહી ગયા છે કે (કૃષ્ણ
અમલ માતો રહે ધરે ન કાહુકી આસ ।। તીન ગાંઠ કોપીનમેં ગિ
ઇંદ્રકો રંક). અર્થ કૃષ્ણ અમલ એટલે ભગવદ રસનો અમલ વ
એવો છે કે તેનો અમલ ચઢ્યા પછી ઉતરતો નથી તે જેને ચઢે

તે એ રસમાં નિરંતર મત્ત બનેલો રહે છે અને તે ભક્ત પ્રભુજી વિના કોઇની આસ નથી ધરતા અને એ ભક્તે કાંછેલી લંગોટમાં પણ ત્રણ ગાંઠ સાંધેલી હોય એટલે ત્રણ કટકાની ગાંઠ સાંધી ત્યારે તે લંગોટ જેટલું ટુકડો તેમને પ્રાપ્ત થયો આટલી ગરીબી છતાં તે ભક્ત પોતાના પ્રભુજી આગળ તેત્રીસ કોટિ દેવતાઓના રાજા ઇંદ્રને પણ કંગાલ ગણે કારણ કે પ્રભુજી આગળ તે કંગાળજ છે વળી પંચામૃતમાં વ્યાસ બાવાયે કહેલ છે કે

(છિનુ ઉતરે છિનુહીં ચઢે સોઇ પ્રેમ નહીં હોય નિસવાસર ભીન્યો રહે પ્રેમી કહીયે સોય) અર્થ—લૈાકિક પ્રેમ કેવો છે ક્ષણમાં ચડી જાય બીજી ક્ષણમાં ઉતરી જાય તેવા પ્રેમને પ્રેમની ગણત્રીમાં નથી ગણ્યો પણ અલૈાકિક પ્રેમ રસ તેવો નથી ત્યારે કેવો છે કે (નિશવાસર ભીન્યો રહે પ્રેમી કહીયે સોય) અર્થ—નિશવાસર કેતાં રાતને દિવસ અથવા અષ્ટપ્રહર પ્રેમ રસમાં જે ભીન્યો ને ભીન્યો રહે તે પ્રેમી કહેવાય તો આ વ્રજભક્ત કહે છે કે મારા નેત્રા તેવા પ્રકારથી પ્રભુજીના રસમાં ભીજ્યા રહીને મત્ત બન્યા છે એટલુંજ નહીં પણ મત્ત બનીને પ્રભુજીની રૂપ માધુરીમાં સમાઇ ગયા તેનું વર્ણન ત્રીજા ચરણના ઉત્તરાર્ધથી કરે છે કે

(સૂરસ્યામ કે રૂપ સમાને માનો બુંદ તયે (૩) આ પદ શ્રી ઠાકોરજીનું કરેલુ છે સૂરદાસજીના પદમાં ચાર પ્રકારની છાપ આવે છે એક તો (સૂરજ) ની છાપ આવે તે શ્રી સ્વામીનીજીના કરેલા સમજવા (સૂર) ની છાપ આવે તે શ્રી મહાપ્રભુજીના કરેલા (સૂરદાસ) ની છાપ આવે તે તેમના પોતાના કરેલા અને (સૂરસ્યામ) ની છાપ આવે તે શ્રી ઠાકુરજીના કરેલા સમજવા તો આ પદ પણ શ્રી ઠાકુરજીનું કરેલું છે તેમાં સમાપ્તિ કરતાં આપ કહે છે કે એ વ્રજ-ભક્તના નેત્રાની દ્રષ્ટિ પ્રભુજીની રૂપ માધુરીમાં સમાઇ ગઇ કેવી રીતે

સમાણી તે લૌકિક દૃષ્ટાંત દ્વારા સમજાવ્યા છે કે જેમ તપેલો તવો હોય તેના માથે જલની બૂંદ પડે તો તે તવો શોષી લીયે અથવા તે બૂંદ તવામાં સમાઇ જાય તેમ એ વ્રજભક્ત કહે છે કે મારા નેત્રોની દૃષ્ટિ પ્રભુજીની રૂપમાધુરીમાં લીન થઈ ગઇ હવે પ્રભુજીની રૂપમાધુરી અગાધ તેમાં મારી દૃષ્ટિ તો ક્ષુદ્ર એટલે કે એક બૂંદવત તે રૂપમાધુરીમાં સમાઇ લીન થઇ ગઇ એવી કરોડાન કોટી બૂંદો આપના લાવણ્યામૃતમાં લય થાય તોપણ પત્તો ન લાગે ત્યાં મારી દૃષ્ટિ તે કીયા હિસાબમાં તેથી તેને બૂંદની ઉપમા આપી છે તે પ્રભુજીના લાવણ્યામૃતમાં સમાઇ ગઈ.

[સંપુર્ણ.]

હિલગનું પદ રાગ રામકલી.

મેતો પ્રીતી શ્યામસોં કીની ।।
કોઉ નિંદો કોઇ વંદો અમતો યહ ઘર ઘર દીની (૧)
જો પતિવૃત તો યા ઢોટાસોં ઇને સમપ્યો દેહ ।।
જો વ્યભિચાર તો નંદનંદનસોં બાઢયો અધિક સનેહ (૨)
જો વૃત ગ્રહ્યો સો ઓર ન ભાયો મર્યાદાકો ભંગ ।।
પરમાનંદ લાલ ગિરિધરકો પાયો ઓટો સંગ (૩)

(મેં તો પ્રીતી શ્યામસોં કીની) એક વ્રજભક્ત બીજા વ્રજ-ભક્ત પ્રતિ કહે છે કે હે સખી મેં તો પ્રીતી શ્યામ સુંદરની સાથે કરી કારણ કે પ્રીતી કરવા લાયક તો કેવળ પ્રભુજી વિના અન્ય કોઈ નથી કારણ કે અન્ય સર્વ સ્વાર્થ પરાયણ હોય છે તેથી તેઓનું સ્નેહ સ્વાર્થને લીધેનું હોય છે તેઓ જ્યાં સૂધી સ્વાર્થ હોય ત્યાંસૂધી સ્નેહ કરે પછી તે સ્નેહ ઉતરી જાય પણ પ્રભુજી સાચનું જે સ્નેહ છે તે નિઃસ્વાર્થતાનું હોવાથી સ્નેહ કરવા લાયક કેવળ પ્રભુજીજ વર્ણવ્યા છે તેમજ પ્રભુજીને પણ વિના સ્વાર્થનું સ્નેહજ ભાવે છે અને તેવા શુદ્ધ સ્નેહ કરનારના પ્રભુ વશમાં થઈ જાય છે તે વિષે ભક્તિ પોષણમાં દયારામ ભાઇયે કહેલ છે કે

(રૂપ ગુણ દ્રવ્ય એ ત્રણ વાના પ્રીતી થવાના કહાવે ।। પણ એ ત્રણે વિકાર રહિત સુદ્ધ સ્નેહ તે શ્રીકૃષ્ણને ભાવે ।। એ પ્રેમે વહાલો વશ થાય તેને મૂકી ક્ષણ દૂર ન જાય) અર્થ—સંસારમાં કોઇનું રૂપ સુંદર જોઈ તેનામાં સ્નેહ ઉત્પન્ન થાય છે વળી કોઇ ગુણવાન હોય તો તેના ગુણ જોઇને કેટલાકોને તેનામાં સ્નેહ ઉત્પન્ન થાય છે. તેમજ કોઇ દ્રવ્ય પાત્ર હોય તો તેનામાં દ્રવ્યની લાલચે કેટલાકોને સ્નેહ ઉત્પન્ન થાય છે તેથી કરી (રૂપ, ગુણ, દ્રવ્ય) એ ત્રણ વાના પ્રીતી ઉત્પન્ન થવાના કારણરૂપ છે અને તેણે કરીને સ્નેહ ઉત્પન્ન થાય પણ છે છતાં તે સ્નેહ લૌકીક કહેવાય છે તેવા પ્રકારનો વિકારવાળો સ્નેહ પ્રભુને ભાવતો નથી. ત્યારે કેવો સ્નેહ પ્રભુજીને ભાવે છે. તે કહે છે કે ઉપર લખ્યા ત્રણે પ્રકારના વિકાર રહિત શુદ્ધ સ્નેહ શ્રીહરિને ભાવે છે. એવા શુદ્ધ સ્નેહનું અંગીકાર કરનાર ભક્તના આપ વશમાં થઇ જાય છે અને તે ભક્તથી ક્ષણ ભર પણ પ્રભુજી દૂર રહેતા નથી. તેની પાસેને પાસે નિરંતર રહે છે માટે પ્રભુજીમાં સ્નેહ કરવું તો નિઃસ્વાર્થતાથી શુદ્ધ સ્નેહ કરવું. આ વ્રજભક્તે પણ તેવા પ્રકારની શુદ્ધ પ્રીતી શ્યામની સાથે કરી છે. હવે પ્રભુજીના નામો તો અનંત છે તેમાંનો બીજો કોઇ નામ અત્રે ન કહેતાં શ્યામ નામ અત્રે કેમ કહ્યો હશે ? એવી શંકા થાય તો તેના સમાધાનમાં જાણવાનું કે શ્યામ રંગ છે તે સૌથી પાકો રંગ છે. શ્યામ રંગ સિવાય બીજા કોઇ પણ પ્રકારનું રંગ હશે તેના માથે બીજો રંગ ચઢાવવું હશે તો ચઢી શકશે પણ શ્યામ રંગ પાક્કો છે તેને માથે બીજો એકે રંગ નહીં ચઢવાનું વિષે સૂરદાસજીએ ગાયેલ છે કે (સૂરદાસ-પ્રભુ કારી કામરીયાં

ચઢે ન દૂજા રંગ) સૂરદાસજી કહે છે કે મારા પ્રભુજીની કામ
કાળી છે તેના માથે બીજો રંગ કદી ચઢવાનો નથી તેવીજ રી
આપણા પ્રભુજીનું નામ પણ શ્યામ છે તેમના રંગમાં જે રંગા
જાય છે તેને પછી કોઇ કાળે પણ બીજો રંગ ચઢવાનો નથી તે
અત્રે શ્યામ નામની ચોજના કરેલી છે.

તે પછી પ્રથમ ચરણના ઉત્તરાર્ધથી વર્ણન કરે છે કેઃ—

(કોઉ નિંદો કોઉ વંદો અબતો યહ ઘર ઘર દીની (૧) અર્થ
પ્રભુજી સાથે અનન્યતાથી વિકાર રહિતનું શુદ્ધ સ્નેહ જે કરે
તેની કેવી ઉત્તમ દશા થાય છે કે તે ભક્ત નિંદા કે સ્તુતિને સમ
ગણે છે. કોઇ તેની નિંદા કરે તો તેને દુઃખ નથી થતું અને કે
તેની સ્તુતિ કરે તો તેઓ પ્રસન્ન નથી થતા.

ઉલટો નિંદા કરનારને પોતાનો મિત્ર માને છે તેઓ પોતા
મનમાં એમ સમજે છે જે એ મારી નિંદા કરે છે તે સાચી
કારણ કે હું મહા દુષ્ટ નિંદાને પાત્રજ છું માટે એ ખરી હકી
સૂચન કરે છે તેથી એનો તો ઉલટો ઉપકાર માનવો જોઇએ તે
જે એના સુચનથી નિંદા પાત્ર કાર્યોથી ઉલટો હું બચીશ. અ
ભાવનો મનમાં આણી નિંદા કરનારને પોતાનો મિત્ર માને છે
કોઇ એમની સ્તુતિ કરે તો એઓ પ્રસન્ન થતા નથી ઉલટા અપ્રસ
થાય છે કારણ કે સ્તુતિ કરવા લાયક તો કેવળ પ્રભુજીજ છે
સ્તુતિ કરવી તો કેવળ પ્રભુજીનીજ કરવી જોઇએ, તે કેમ જે તે
નિર્દોષ પુણ્ય ગુણ વિગ્રહ છે અને જીવતો નખથી શિખ પર્યંત દોષે
પરિપૂર્ણ ભરેલાની વળી સ્તુતિ કેવી ? આમ છતાં જીવની કોઇ સ્
કરે અને તે તેને કાને પડે તો જીવ સ્વભાવથી તેને અભિમાન
આવી જાય તો તેથી ઉલટો તેનો બગાડ થાય માટે સન્મુખ કોઇ
સ્તુતિ કરવી નહિ.

જેઓ મહાનુભાવી ભગવદ્ભક્તો છે તેઓ આ કારણથી સ્તુતિ
કરનાર ઉપર ઉલટા અપ્રસન્ન થાય છે અને તેને પોતાના શત્રુ તરીકે
માને છે તેથી અત્રે પણ એ વ્રજ ભક્તે કહ્યું છે કે (કોઉ નિંદો
કોઉ વંદો) એટલે મારી કોઇ નિંદા કરો અથવા કોઇ સ્તુતિ કરો
તમને ફાવે તે કરો તેની સાથે મારે કાંઇ પ્રયોજન નથી પણ શ્યામ
સાથેની જે પ્રીતી છે તે ધારણ કરવા યોગ્ય વસ્તુ છે તે મેં ધારણ
કરી લીધી છે પણ વિસ્મરણ કરવા યોગ્ય નથી.

તે પછી દ્વીતીય ચરણના પૂર્વાર્ધથી વર્ણન કરે છે કેઃ —

(જો પતિવ્રત તો યા ઢોટાસોં ધને સમર્પ્યો દેહ) અર્થ—
શાસ્ત્રાદિકને વિષે પતિ શબ્દના અર્થની તપાસ કરીશું તો જણાશે
જે કાલ કર્માદિકના ભયથી જે મુક્ત કરે તેજ પતિ કહેવાય. તો
તેવી સામર્થ્ય તો કેવળ પ્રભુજીમાં છે તેથી પ્રભુ સૌના અલૌકિક
પતિ છે તેથી અલૌકિક પતિ એવા પ્રભુજી સાથેનું અલૌકિક પાતિ-
વૃત્ય પાળવું એટલે એમની શરણ પ્રાપ્ત થયા પછી મન, વચન અને
કર્મથી એમને આપણા સર્વસ્વ તરીકે જાણવા. એમના સિવાય
આપણું મન અન્યત્ર ક્યાંય ન જવું જોઇયે. વાણીનો વિલાસ પણ
એમના સંબંધ વિનાનો નજ થાવું જોઇયે તેમજ ક્રીયા પણ જે
બને તે પ્રભુ સંબંધનીજ થાવી જોઇયે, એવી રીતે મન, કર્મ,
વચન ત્રણેની એકતાથી જ્યારે થાય ત્યારે અલૌકિક પાતિવૃત્ય
જાળવ્યું કહેવાય. તેથી આ વ્રજભક્ત કહે છે કે
આવા પ્રકારનું અલૌકિક પાતિવૃત્ય મારું એ ઢોટા કેતાં એ
છોકરાની સાથે છે તેથી મેં મારી દેહ પણ એમને સમર્પણ કરી છે.
એમ કહ્યું છે પણ સમર્પણ કરી ક્યારે કહેવાય કે આપણી આ દેહ

તેથી અલૌકિક અખંડ સૌભાગ્ય આપણને પ્રાપ્ત થયું. લૌકિક નાના રાજાની સંપુર્ણ પરિચર્યાનું હક પણ રાજા જેને રાણી કરે તેનેજ માત્ર પ્રાપ્ત થાય પણ અહીં તો રાજાધિરાજ એવા પરાત્પર પ્રભુજીની રાજપત્નીના અધિકારી એકને નહીં પણ શરણુસ્થજીવ સૌને બનાવ્યા તેથી આપણા ભાગ્યનો પાર નહીં માટે એ અલૌકિક પતિની સેવામાં લૌકિક પતિની સેવા કરતાં કોટિગણું અધિક તત્પર રહેવું જોઇયે તે પ્રમાણે એ વ્રજભક્ત રહેલા છે તેથીજ અત્રે કહ્યું છે કે (ધને સમર્પ્યો દેહ) એટલે ઉપર વર્ણન કર્યા પ્રકારથી મેં દેહ પ્રભુજીને અર્પણ કરી છે આવા પ્રકારથી દેહ અષ્ટ પ્રહર પ્રભુ વિનિયોગમાં રહેવો જોઇયે એમ શરણુસ્થ જીવો પ્રતિ સૂચન કર્યું હવે આવા પ્રકારથી દેહ પ્રભુજીને અર્પણ કરવો એના જેવું ઉત્તમ કાર્ય એકે નથી એજ સૌથી ઉત્કૃષ્ટ કાર્ય છે જેના અહોભાગ્ય હોય તેને એ વસ્તુ ભગવદ્ અનુગ્રહદ્વારા પ્રાપ્ત થાય પણ તે સંસારી જનોને કે દુનિયાંના લોકોને પ્રિય નહીં લાગે કારણ કહેવત છે કે—

(ભક્ત જક્તકી બાતમેં હોત પરસ્પર વેર ।। વે વાકું મીઠી કહે વે વાકું કહે ઝેર) અર્થ—ભક્ત અને જક્તની વાતોમાં પરસ્પર વિરૂદ્ધતા હોય છે જક્ત એટલે સંસારી જનોને અહંતા મમતા પ્રીય હોય છે ભક્તજનોને તે કડવી ઝેર જેવી લાગે છે અને ભક્તજનને ભગવદ્ સંબંધનું સર્વ પ્રીય લાગે છે તેથી અષ્ટપ્રહર આ દેહનો વિનિયોગ પ્રભુ સેવામાં કરે છે તે જક્તને ન સુહાય તે કાર્ય તો મહાન્ અલૌકિક પતિવૃત્ય જાળવવાનું છે છતાં જક્તના લોકો તો તેને વ્યભિચાર તરીકે માને તો ભલે તેમ માનો તે ઉપરથી બીજા ચરણના ઉત્તરાર્ધથી એ વ્રજભક્ત વર્ણન કહે છે કે—

અષ્ટપ્રહર પ્રભુ સેવામાં ઉત્સાહ સંયુક્ત તત્પર રહે તોજ સમર્પણ સાચું કહેવાય પણ કેવળ વાણીથી એમ કહેવામાં આવે જે મેં આ દેહ પ્રભુજીને અર્પણ કરી છે. પણ મન અને ક્રીયામાં તેવું ન હોય તે સમર્પણ કાચું કહેવાય પણ મન વચન અને કર્મ ત્રણેની એકતાનું જે સમર્પણ છે તેજ સાચું છે તેવા પ્રકારનું સમર્પણ તેજ પુષ્ટિ ભક્તિમાર્ગનું સમર્પણ છે તો તેવો સમર્પણ મર્યાદા ભક્ત બલીરાજાયે કર્યો તથી તે પુષ્ટિ સંપ્રદાયના વામન દ્વાદશીના કીર્તનમાં ગવાઇ ગયા જે (બલિરાજકો સમર્પણ સાચો) તેવીજ રીતે અત્રે પણ આ વ્રજભક્ત કહે છે કે તેવા ઉત્તમોત્તમ પ્રકારથી મેં આ મારી દેહ પ્રભુજીને સમર્પણ કરી છે કારણ કે પ્રભુજી મારા અલૌકિક પતિ છે હવે બીજનને લૌકિક પતિ સાથનું જે સંબંધ છે તે તો એકજ જન્મનું છે છતાં તે લૌકિક પતિની પરિચર્યામાં સ્ત્રી રાતને દિવસ તત્પર રહે છે તેને માટે પોતાનું દેહ સુખ તે મુદ્દલ ચાહતી નથી પણ પોતાની દેહને પતિ સેવામાં વિનિયોગ કરે છે તેજ પતિવૃતા સ્ત્રી કહેવાય છે તો પ્રભુજી તો જન્મોજન્મના અલૌકિક પ્રાણ પતિ છે અને વળી દેવાધિદેવ છે અને આપણે જીવો ચાંડલિની જેવા છીયે તેમને એ પરાત્પર પ્રભુજીનું સંબંધ શ્રી મહાપ્રભુજીની કૃપા થકી મળ્યું છે નહીં તો ક્યાં નિર્દોષ પુર્ણગુણ વિગ્રહ પ્રભુજી અને ક્યાં નખથી શિખ પર્યંત દોષોથી ભરેલા જીવો ?

લૌકિકમાં એક રાજા હોય તેની પરિચર્યાનું અધિકાર જેટલો રાણીને હોય છે તેટલો બીજાને નથી હોતો તો પ્રભુજી છે તે રાજાઓના પણ રાજા ધિરાજ છે અને આપણે જીવો જે ચાંડાલિની જેવા હતા તેમને શ્રી મહાપ્રભુજીયે અનુગ્રહ કરી રાજપત્નિ બનાવી દીધા અને એ પરાત્પર પ્રભુજીની સંપુર્ણ પરિચર્યાના અધિકારી બનાવ્યાં

(જો વ્યભિચાર તો નંદનંદનસોં બાઢયો અધિક સ્નેહ (૨) અર્થ—ઉપર એજ ચરણના પૂર્વાર્ધમાં વર્ણવેલા અલૌકિક પાતિવ્રત્યના કાર્યને સંસારીજનો તો વ્યભિચારજ ગણવાના તે ઉપરથી આ વ્રજભક્ત કહે છે કે ભલે તેઓ તેમ ગણો તો મારૂં નંદનંદનની સાથે વ્યભિચાર છે એમ સમજો એમાં મારૂં શું જાય છે મને તો ઉલટો લાભ થાય છે તે એ જે પરાત્પર પુરૂષોત્તમ જે નંદનંદન છે તેમની સાથે મારો સ્નેહ ઉલટો વધતો આવે છે. તે પછી ત્રીજા ચરણના પૂર્વાર્ધથી વર્ણવે છે કે (જો વૃત ગ્રહ્યો સો ઓર ન ભાયો મર્યાદા કો ભંગ) અર્થ—એ વ્રજભક્ત કહે છે કે પ્રભુજીની સાથે સંપૂર્ણ સ્નેહ જોડવા રૂપ જે વૃત મેં ગ્રહણ કર્યું તે સર્વોત્કૃષ્ટ ઉત્તમોત્તમ છે પણ તે બીજાઓને નભાવ્યો એમ અત્રે કહેલ છે તો બીજા શબ્દ અત્રે કહ્યો છે તે ભક્તિમાં જેમનો અંગીકાર નથી થયો તેઓને એ વૃત ગમ્યું કારણ કે એને તો તેઓ વ્યભિચાર તરિકે માને છે અને તેમાં મર્યાદાનો ભંગ થાય છે એમ તેઓ માને છે. તો ભલે તેમ માનો.

તે પછી ત્રીજા ચરણના ઉત્તરાર્ધથી પરમાનંદદાસજી સમાપ્તિ કરતાં કહે છે કે (પરમાનંદ લાલ ગિરિધરકો પાયો મોટો સંગ (૩) અર્થ સમાપ્તિ કરતાં એ ભક્તાનું કહેવું પરમાનંદદાસજી કહી સંભળાવે છે. એ વ્રજભક્ત કહે છે કે સંસારી જનો ફાવે તે કહો ફાવે તેમ માનો તેની મને દરકાર નથી કારણ કે તેની જો દરકાર કરવા જાઉં તો પ્રભુ સાથનો જે સ્નેહ અપ્રાપ્ય સર્વોત્કૃષ્ટ વસ્તુ ભાગ્ય વસાત્ ભગવદ્ અનુગ્રહદ્વારા પ્રાપ્ત થઇ છે તે નષ્ટ થઇ જાય છે તેથી તેની દરકાર અત્રે ન કરી તો શ્રી ગિરિરાજને ધારણ કરવાવાળા પરાત્પર પ્રભુજીનું સંગ છે તે સૌથી મોટામાં મોટી અપ્રાપ્ય વસ્તુ છે તે મને પ્રાપ્ત થઇ.

[સંપુર્ણ.]

૧૩૬ # ૫૭

હિલગનું કીર્તન રાગ રામકલી.

સખી હોં જુ ગઈ દધી બેચન વ્રજમેં ઉલટી આપ બિકાઇરી
બિન ગ્રથ મોલ લઈ નંદનંદન સર્વસ્વ લિખ દે આઇરી (૧)
શ્યામલ વરણ કમલ દલ લોચન પીતાંબર કટિ ફેંટરી ॥
જખતેં આવત સાંકરી ખોરી ભઈ હેં અચાનક ભેટરી (૨)
કોનકી હેં કોન કુલ વધૂ મધુર મધુર હસ બોલેરી ॥
સકુચ રહી મોહિ ઉત્તર નહીં આવત બલકર ગુંગટ ખોલેરી
સાસ નણદ ઉપચાર પચિહારી કાહુ મરમ ન પાયોરી ॥
કરગહી વૈદ્ય ઢંઢોર રહે મોહી ચિંતા રોગ બતાયોરી (૪)
જા દિનતેં મેં સુરત સંભારી ગ્રહ અંગના વિષ લાગેરી ॥
ચિતવત ચલત સોવત ઓર જાગત યહ ધ્યાન મેરે આગેરી (૪)
નીલ મણી મુક્તાહલ દેહું જો મોહી શ્યામ મિલાવેરી ॥
કહે માધો ચિંતા કયોં બિસરે બિન ચિંતામણી પાયેરી (૬)

(સખી હોં જું ગઇ દધી બેચન વ્રજમેં ઉલટી આપ બિકાઇરી) અર્થ—એક સખી બીજી સખી પ્રતિ કહે છે કે હું વ્રજમાં દહી વેંચવા ગઇ હતી તો દહી વેચાવું તો એક તરફ રહ્યું પણ હું પોતે વેંચાઈ ગઇ હવે કેવિ રીતે કોને શું કિમતે વેંચાણી તેનો ખુલાસો એ પ્રથમ ચરણના ઉત્તરાર્ધથી વર્ણવે છે કે

(બિન ગ્રથ મોલ લઇ નંદનંદન સર્વસ્વ લિખ દે આઇરી) અર્થ—એ વ્રજભક્ત કહે છે કે મને નંદનંદને વિના મોલથી વેંચાતી લીધી પણ લખાણ વિનાનું વેંચાણ કાચું કહેવાય તો એ વ્રજભક્ત કહે છે કે મેં વેંચાણ ખતમાં એમને મારૂં સર્વસ્વ લખી દીધું આહીં સૂધી પ્રથમ ચરણ આખાનો શબ્દાર્થ થયો હવે ભાવાર્થ

દહીં વેચવા વ્રજમાં જતાં ત્યાં વ્રજાધિપતિ એવા પ્રભુજીના દર્શન અલૌકિક કોટિકંદર્પ લાવણ્યમય થયાં તેથી તેમનામાં મારૂં તનમન સર્વસ્વ અર્પણ થઇ ગયું તે દ્વારા હું તેમને વેંચાણી તેથીજ એ વેંચાણની કિંમત કાંઇ નથી બેઠી તે કારણથી અત્રે (બિન ગ્રથ મોલ લઇ) કહેલ છે ગ્રથ એટલે દ્રવ્ય વિના મને વેંચાતી લીધી. કોણે લીધી તો કહે છે કે નંદનંદને વેંચાતી લીધી છે વળી વેંચાણનો એવો નિયમ છે કે વેંચાનારને લેનારના દાસ થઇને રહેવું પડે છે અને દ્રવ્યદ્વારા જે વેંચાણ થાય છે તે લૌકિક વેંચાણ કહેવાય છે કારણ કે તેમાં સ્વાર્થ સમાયલો હોય છે તેથી દ્રવ્યથી થયેલા લૌકિક વેંચાણમાં લેનાર વેંચાનાર બન્નેને સુખ નથી હોતું કારણકે વેંચાતી લીધેલ વસ્તુ સારી નિવડે કે નરસી તેના ઉપર આધાર રીયો કદાચ વેંચાયલી વસ્તુ સારીજ હોય એમ માનો પણ સાથે લેનારમાં કોઇ પ્રકારની કસર હોય તો પણ તેવા લૌકિક વેંચાણમાં લેનાર વેંચાનાર બન્નેને સુખ નથી હોતું કારણકે મૂળમાં તે વેંચાણ દ્રવ્યથી થયેલું એટલે સ્વાર્થવાળુંજ ગણાય પણ અલૌકિક વેંચાણ તેવું નથી ત્યારે કેવું છે કે તેમાં નિઃસ્વાર્થતા સમાયલી છે. કારણ કે તે વિના મોલનું વેંચાણ છે તે પણ વેંચાનારનાં તન મન અને પ્રાણ સર્વસ્વ જ્યારે લેનારમાં અર્પણ થાય ત્યારેજ એ અલૌકિક વિના મોલનું વેંચાણ થયું કરી કહેવાય. તેવા પ્રકારથી વેચાયલી હોય તેજ શુલ્ક દાસિકા કહેવાય તો આ વ્રજભક્ત પણ તેવા અલૌકિક પ્રકારથી વેંચાયલા છે તેથી એમના તન મન ધન અને પ્રાણ સર્વસ્વ પ્રભુજીને અર્પણ થઇ ગયા છે તેથી કહ્યું છે કે (સર્વસ્વ લિખ દે આંધરી) તો આવા પ્રકારથી થયેલા અલૌકિક વેંચાણમાં લેનાર વેંચાનાર બન્નેને નિરંતર અપૂર્વ સુખ રહ્યું આવે

કારણ કે વેંચાનારના તો તન મન ધન પ્રાણ સર્વસ્વ પ્રભુજીને અર્પણ થયેલા છે તેથી એને પ્રભુજી તરફનું સર્વ પ્રકારનું સુખ નિરંતર મળતું રહે તેમ એના સ્નેહાધિક્યથી પ્રભુજીને પણ નિરંતર સુખ રહ્યું આવે—માટે લૌકિક વેચાણથી અલૌકિક વેચાણ અતિ ઉત્તમ પ્રકારનો જાણવો વળી લૌકિક વેંચાણમાં લખત થાય તોજ તે વેંચાણ પાકું કહેવાય વિના લખતનું વેંચાણ કાચું કહેવાય. તો અલૌકિક વેંચાણ પણ લખત દ્વારા થયું છે માટે અત્રે કોઇને શંકા થાય કે લૌકીક અને અલૌકિ બન્ને વેંચાણ પાકા થાય તો બન્નેને સમતા હશે? તો તેના સમાધાનમાં જાણવાનું કે ભલે લખત હોય તો પણ લૌકિક વેંચાણ અલૌકિક વેંચાણની બરોબરી તો નજ કરી શકે. કારણ કે લૌકિક વેચાણમાં બહુ કરશું તો સ્ટાંપના કાગલ માથે વેંચાણ ખત લખી રજીસ્ટર કરી દેવામાં આવશે તેવા પ્રકારથી થયેલા તદ્દન પાકાં લૌકિક વેંચણની પણ કઇક જગડા બાજીઓ થાય છે કોરટોમાં ચડે છે ખોટા હોય તે સાચા અને સાચા હોય તે ખોટા બની જાય છે પણ અલૌકિક વેંચાણમાં તેવું કશું નથી ત્યારે કેવું છે કે લૌકિક વેંચાણનો ખત કાગળ માથે લખાય છે પણ અલૌકિક વેંચાણનું ખત તો વેંચાનારનાં હૃદયામાં લખાય છે. તો કાગળનું લખ્યું મિથ્યા થઇ જાય છે પણ હૃદયનું લખાણ મિથ્યા કોઇ કાળે નથી થતું. હૃદયના લખાણને પ્રભુજી પણ ટાળી નથી શકતા તેનો પુરાવો એ જે (બાંહ છુડાય કેં જાત હો નિબલ જાન કે મોહી હૃદયમેંસું જાઓગે તો મરદ બદુંગો તોય) એક વખત સૂરદાસજી ચાલ્યા જતા હતા તે રસ્તામાં ખાડા ખાબોચીયા હતા તેથી શ્રી ઠાકુરજી પધારી સૂરદાસ-જીનો હાથ પકડી રસ્તેસર કરી જવાની ઇચ્છા કરી ત્યારે સૂરદાસજીયે તો જાણી લીધા જે આ શ્રી ઠાકુરજી છે તેથી જોરથી પકડી લીધા પણ શ્રી ઠાકુરજી જોરથી બાંહ છોડાવી પધારવા લાગ્યા ત્યારે ઉપલો

દોહો સૂરદાસજીએ પ્રભુ પ્રત્યે કહેલ છે કે મને નબલો જાણી જોર કરી મારી બાંહ છોડાવીને ચાલ્યા જાઓ છો તેમાં તો શું વર્યું પણ જો મારા હૃદયમાંથી જો જાઓ તો તમને હું મરદ કહું!

આ દૃષ્ટાંતના વાક્યનો ભાવાર્થ એ છે જે ભક્તજન સ્નેહવડે પ્રભુજીને પોતાના હૃદયમાં પધરાવી લે છે ત્યારે તે સ્નેહના પાસમાં પ્રભુજી બંધાઇ જાય છે તેથી ભક્તના હૃદયમાંથી પ્રભુજી જઇ નથી શકતા તેથી અત્રે સૂરદાસજીએ કહ્યું છે જે (હૃદયમાંથી જાઓ તો તમને મરદ કહું) તો હૃદયનું લખાણ આવું છે જે કોઇ કાળે મટતું નથી તેથી એ અલૌકિક લખાણ અને અલૌકિક વેંચાણ બન્ને અતિશય ઉત્તમ પ્રકારના જાણવા અને બન્નેમાં તારતમ્ય પણ જમીન આશમાન જેટલો છે તેવા અલૌકિક પ્રકારથી આ વ્રજભક્ત નંદનંદનને વેંચાણા છે એ પ્રભુજી કેવા છે તેનું વર્ણન બીજા ચરણના પૂર્વાર્ધથી કરે છે કેઃ—

(શ્યામલ વરણ કમલ દલ લોચન પીતાંબર કટિ ફેંટરી) અર્થ–ઉપરના પ્રથમ ચરણમાં એ વ્રજભક્તે કહ્યું છે જે નંદનંદનને વેંચાણી તે પ્રભુજી કેવા છે તે કહે છે કે સાંવરા રંગનું આપનું શ્રીઅંગ છે અને કમલની અતિ સુકોમલ પાંખડી જેવા આપના નેત્ર કમલ છે. કટિને વિષે પીળા પીતાંબરની ફેંટ જેમણે બાંધેલી છે એવા પ્રભુ ક્યાં મલ્યા તે દ્વિતીય ચરણના ઉત્તરાર્ધથી વર્ણવે છે કેઃ—(જબતેં આવત સાંકરી ખોરી ભઈ હૈં અચાનક ભેટરી (૨) અર્થ–ઉપર વર્ણન કરી આવ્યા તેવા નંદ નંદન પ્રભુજી જ્યારથી સાંકરી ખોર માથે પધાર્યા ત્યારે તેમની અને મારી અચાનક ભેટ થઈ ગઇ કારણ કે હું દહીં વેચવા નીકળેલી હતી તે વખતે તેમના અલૌકિક દર્શન થતાં મારૂં તન મન ધન અને પ્રાણ સર્વસ્વ એમને

અર્પણ થઈ ગયું એવા પ્રકારથી વિના મોલે હું એમને વેંચાઈ ગઇ. આવી રીતે મિલાપ થતાંમાં પ્રભુજીએ મને પૂછ્યું શું પુછ્યું તે ત્રીજા ચરણના પૂર્વાર્ધથી વર્ણન કરે છે કેઃ—

(કોનકી હૈં કોન કુલ વધૂ મધુર મધુર હસ બોલેરી) અર્થ–એ વખતમાં પ્રભુજી-હસ્તે શ્રીમુખારવિંદથી અને મધુરી મધુરી વાણીથી પુછ્યું જે તૂં કોની દીકરી છો અને કોયાકુલની વહુ છો આવું પૂછતાં મારી શું દશા થઇ તે ત્રીજા ચરણના ઉત્તરાર્ધથી વર્ણન કરે છે કેઃ—

(સકુચ રહી મોહી ઉત્તર નહીં આવત બલ કર ગુંગટ ખોલેરી (૩) અર્થ–એજ ચરણ પૂર્વાર્ધમાં વર્ણવ્યા મુજબ જ્યારે પ્રભુજીએ પૂછ્યું ત્યારે હું શરમાઇ ગઇ તેથી ઉત્તર શું દેવું તેનું પણ મને ભાન ન રહ્યું તેથી મેં જવાબ ન દીધો અને મુંગી રહી ત્યારે પ્રભુજીએ શું કર્યું કે બલ કરીને ગુંગટ ખોલી નાંખ્યો. હવે અત્રે ગુંગટ શા માટે ખોલ્યો હશે એ પ્રસંગમાં પણ ઘણો ગૌરવ સમાયલો છે તે એજે આવા પ્રકારથી પ્રભુજીનું સાંકરી ખોર માણે સમેલન થતાં એ વ્રજભક્ત અંતરથી તો સંપૂર્ણપણે પ્રભુજીને ચાહી રહ્યા છે તે ચાહપણ કેવી કે તન મન ધન પ્રાણ સુધાં પ્રભુજીને અર્પણ થઇ ગયા. આટલી બધી ચાહ ભીતરમાં હતી પણ બાહારથી લોક સંકોચને લીધે શરમાયા તેથી ગુંગટ મારી લીધો હવે એ ગુંગટ ભગવદ દર્શનમાં આવર્ણ રૂપ પ્રતિબંધ કરતા હતો તેથી અને પ્રભુજી પોતે અંતર્યામી હોવાથી એમના અંતરનો ભાવ જાણી આવર્ણ રૂપ ગુંગટને દૂર કરી તેને દર્શનામૃતનું પાન કરાવ્યું એ તે ભક્ત માથે પરમ અનુગ્રહ કર્યો છે. અત્રે જો બલ કરીને તેમનો ગુંગટ જો ન ટાળ્યો હોત તો તેમને દર્શનામૃતનું પાન ન થાત એ સંબંધી તાપ અતિશય તેના અંતરમાં રહી જાત અને પ્રભુજી ભક્તોનું તાપ

મુદ્દલ સહી શકતા નથી. આ કારણથી લોક સંકોચથી થયેલા આવર્ણ રૂપ ઘુંઘટને બલાત્કારથી પ્રભુજીયે દૂર કરેલ છે એ એમના માથે અતિશય કૃપા વિચારી છે. હવે આવા પ્રકારની સાંકરી ખોર માથે ભક્તને સારી રીતે દર્શન આપી પોતે પધારી ગયા તેથી આપના વિયોગમાં એ ભક્તની વિકલ દશા બની ગઇ. પ્રભુ વિના એને સર્વ કડવું ઝેર જેવું લાગવા માંડ્યું અને પ્રભુજી વિના મુદ્દલ રહી શકાયું નહી. પ્રભુજી વિના જરા પણ ચેન ન પડે તેવી અવસ્થા પ્રભુ વિયોગમાં એમની થઇ ગઇ.

તેથી એમના દેહ સંબંધીઓ જેવાં કે સાસુ નણંદ વિગેરેને ફિકર થઇ પડી જે આ વહુને તે શું દરદ થયું છે ? તેથી વૈદ્યોને બોલાવી તેના અનેક પ્રકારના ઉપચારો કરવા લાગ્યા અને ઘણા ઘણા ઉપચારો કરી તેઓ સરવે થાકી ગયા પણ વહુને શું થયું છે તેના ભેદને કોઇ જાણી ન શક્યો તે પ્રસંગ ચોથા ચરણના પૂર્વાર્ધથી વર્ણન કરે છે કે (સાસ નણંદ ઉપચાર પચિહારી કાહુ મરમ ન પાયેારી) અર્થ— વહુની પ્રભુ વિયોગના વિરહને લીધે આવી વિકલદશા જોઈ એની સાસુ નણંદ વગેરે દેહ સંબંધીયેાયે વહુને સારી થવાના ઘણા ઘણા ઉપચારો કરી થાક્યા પણ વહુને શું થયું છે તેના ભેદને કોઇ જાણી શક્યું નહીં ત્યારે શું થયું તે ચોથા ચરણના ઉત્તરાર્ધથી વર્ણન કરે છે કે (કરગહી વૈદ્ય ઢંઢોર રહે મોહી ચિંતા રોગ બતાયેારી (૪) અર્થ—એ વ્રજભક્ત કહે છે કે વૈદ્ય લોકો આવી આવીને મારો હાથ પકડી હલાવી હલાવીને મારી નાડી જોવા લાગ્યા તેથી તેઓને બીજી તો કાંઇ ખબર ન પડી પણ એને ચિંતા રૂપી રોગ થયો છે એમ બતાવ્યું તે પછી પાંચમાં ચરણના પૂર્વાર્ધથી વર્ણન કરે છે કે—

(જાદિનતેં મેં સુરત સંભારી ગ્રહ અંગના વિષ લાગેરી)

અર્થ—વળી એ વ્રજભક્ત કહે છે કે જે દિવસથી મેં પ્રભુ સંબંધી સુરત કેલી કેતાં પ્રભુ સાથનો પ્રસંગ સંભાર્યો એટલે પ્રભુજીમાં મારૂં તનમન ધન પ્રાણ સર્વસ્વ અર્પણ થઇ ગયું તે દિવસથી મને મારૂં ઘર આંગણું સર્વ વિષ જેવા લાગવા લાગ્યા કારણ કે ભગવદ્ સંબંધમાં ગૃહાસક્તિ–પ્રતિબંધ રૂપ છે તેથી તે સર્વ કડવા વિષ જેવા લાગવા લાગ્યા ત્યારે પ્રિય શું લાગ્યું તે પાંચમાં ચરણનાં ઉત્તરાર્ધથી વર્ણન કરે છે કે

(ચિતવત ચલત સોવત ઔર જાગત યહ ધ્યાન મેરે આગેરી (૫)

અર્થ—હવે શું પ્રિય લાગ્યું તેનું વર્ણન કરે છે કે ચિતવત કેતાં જોતાં ચાલતાં સૂતાં જાગતાં એમ જાગૃત અવસ્થામાં સ્વપ્નાવસ્થામાં સુષુપ્તિ અવસ્થામાં એમ ત્રણે અવસ્થામાં પ્રભુજીની રૂપમાધુરી જેનાં દર્શન કર્યાં હતાં એ રૂપમાધુરીજ મને પ્રિય લાગી તેથી એ વિના બીજું કશું મારી દ્રષ્ટિમાં આવતું નથી. તે પછી છઠ્ઠા ચરણના પુર્વાર્ધથી વર્ણન કરે છે કે (નીલમણી મુક્તાહલ દેહું જો મોહી શ્યામ મિલાવેરી) અર્થ—એ વ્રજભક્ત પ્રભુ વિયોગને લીધે અતિશય વિકલ છે. ભગવદ્ દર્શનની અતિ ઉત્કૃષ્ટ આરતિ થઇ રહી છે તેથી કહે છે કે મને કોઇ શ્યામ સુંદર મિલાવી આપે તો તેને નીલમણી અને મુક્તાહલ કેતાં ગજમોતીની માળા હું આપું. આ વાક્યમાં પણ બહુ બહુ ગૌરવ સમાયેલો છે તે એ જે લૌકિક ધન વૈભવમાં સંસારી જનોનું મમત્વ કેટલું બધું છે તે કાંઇ આપણાથી છાનું નથી તો તેવા લૌકિક ધનમાં નીલમણી છે તે બહુ મોલની થાય છે તેમજ ગજમુક્તા પણ બહુ મોલના થાય છે તો પ્રભુજી મિલાવી દેનારને તેવા નીલમણીની માળા અને ગજમુક્તાની માળા હું આપી દઉં કરી એ ભક્તે કહ્યું કારણ કે ભક્તોના અલૌકિક ધન ભગવાન છે તે અલૌકિક ધનના સ્વરૂપને એ વ્રજભક્તે જાણ્યા તેથી ભગવાન રૂપી અલૌકિક

ધન આગળ ઉપર લખી લૈાકિક માેટી સમૃદ્ધિને પણ તુચ્છ ગણી છે. તે પછી છઠ્ઠા ચરણના ઉત્તરાર્ધથી માધેાદાસજી એ કીર્તનની સમાપ્તિ કરતાં કહે છે કે.

(કહે માધાે ચિંતા ક્યાં બિસરે બિન ચિંતામણી પાયેરી (૬)

અર્થ—સમાપ્તિ કરતાં માધેાદાસજી કહે છે કે મણી ગણેામાં ચિંતામણી નામની મણી થાય છે તેમાં એવાે ગુણ હાેય છે કે તે મણી જેની પાસે હાેય તેણે ચિંત્વન કરેલા પદાર્થો પુરા પાડે તેથી તેની ચિંતા નિવૃત્ત થઇ જાય. આ કારણથી તે મણીનું નામ ચિંતામણી પડેલ છે. આટલું ગૈારવ તેમાં ભરેલું છે છતાં પણ તે મણી લૈાકિક પદાર્થો માત્ર પુરા પાડી શકે છે કારણ કે તે ચિંત્વન કરેલા લૈાકિક મનોરથાે હાેય તે એ પણ ભક્તજનાેને તાે પ્રભુ સંબંધી અલૈાકિક મનાેરથાે હાેય તે એ ચિંતામણીથી ન આપી શકાય કારણ કે અલૈાકિ પદાર્થો એની પાસે છે નહીં. અલૈાકિક બાજી પ્રભુજીએ પાેતાના હાથમાં રાખેલી છે તેથી અલૈાકિક મનાેરથાે તાે સર્વે ભગવદ અનુગ્રહથીજ પુરા થઇ શકે. અલૈાકિક ચિંતા મિટાવવાનું કાર્ય પ્રભુજીનું છે. તેમની કૃપા કટાક્ષ વિના અલૈાકિક કાર્ય સિદ્ધ ન થાય. પ્રભુજીના અનંત નામાેમાં તે કાર્યને સૂચવનારૂં (ચિંતામણી) એવું પણ આપનું એક નામ છે તાે માધેાદાસજી કહે છે કે અલૈાકિક ચિંતામણી રૂપ પ્રભુજીનાે એમને વિયાેગ છે તેથી તે પ્રભુજી એમને પ્રાપ્ત થયા વિના એમની ચિંતા તે કેમ વીસરે? નજ વીસરે, પ્રભુજી મળે ત્યારેજ વીસરે.

[સંપુર્ણ]

હિલગનું કીર્તન રાગ ધન્યાશ્રી.

મેં અપનાે મન હરિસાેં જાેર્યો, હરિસાેં જાેર સબનસાેં તાેર્યો

નાચ નચ્યાે તબ ઘુંઘટ કૈસાે લાેક લાજ ડર પટક પિછાેર્યો ૧

આગે પાછે શાેચ મિટયાે જીયકાે આટમાંજ મટુકાલે ફાેર્યો,

કહેનાે હાેય સાે કહાે સખીરી કહા ભયાે કાહુને-મુખ માેર્યો ૨

નવલ લાલ શ્રીગિરિધરન પિયા સંગ પ્રેમરંગમેં યહ તન બાેર્યો,

પરમાનંદ પ્રભુ લાેક હસન દે લાેક વેદ તિનુકા જ્યાેં તાેર્યો ૩

(મેં અપનાે મન હરિસાેં જાેર્યો હરિસાેં જાેર સબનસાેં તાેર્યો)

શબ્દાર્થ—એક વ્રજભક્ત બીજા ભક્ત પ્રતિ કહે છે કે હે સખી મેં તાે મારૂં મન પ્રભુજી સાથે જાેડયું અને બીજા બધેની સાથે તાેડયું. ટીકા: આપણે સંસારી જનાે છીયે તેથી અનેક પ્રકારના દુઃખાેથી ભરેલા છીયે તેવાઓને તાે મન પ્રભુજીમાં અવશ્ય જાેડવું જાેઇયે કારણ કે પ્રભુજીમાં મન જાેડનારના પ્રભુજી તમામ દુઃખાે દૂર કરી પછી પાેતા સંબંધી સુખ સંપત્તિની પ્રાપ્તિ તેને કરે છે. ખરેખર દુઃખ હરતા તાે હરિજ છે તેથી અત્રે પ્રભુજીના નામાે અનંત છે છતાં તેમાનાે બીજો કોઈ નામ ન કહેતાં તે કાર્યસૂચક નામ હરિ છે તેથી અત્રે એ નામની યાેજના કરી છે. હવે હરિ એવા હાેવાથી મન જાેડવા લાયક તાે માત્ર હરિજ છે. વળી હરી કેવા છે કે સંસાર વૈરી કેતાં અહંતા મમતાત્મક સંસારનાે નાશ કરવાવાળા છે તાે એવા હરી સાથે મેં મારૂં મન જાેડયું છે એમ એ વ્રજભક્ત કહે છે. વળી કહે છે કે (હરિસાેં જાેર સબનસાેં તાેર્યો) અર્થ—હરિની સાથે મન જાેડયું અને બીજા બધાઓની સાથે તાેડયું તાે પ્રભુજી સાથે મન જાેડયું એ તાે ઠીકજ છે પણ પ્રભુજી વિના અન્ય

